# ભારે વરસાદ વચ્ચે સુરત ધ્રૂજ્યું ગુરુવારે રાત્રે 3.2ની તીવ્રતાનો ભૂકંપ

**કેન્દ્ર** શહેરથી આશરે 42 કિમી દૂર, જાનહાનિ કે નુકસાનના અહેવાલ નહીં

**સુરતમાં** છેલ્લે 11 ફેબ્રુઆરી-2023માં ભૂકંપ અનુભવાયો હતો, રેક્ટર સ્કેલ પર એની માત્રા ત્યારે 3.8 હતી

સુરતઃ છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ અને પૂરની સ્થિતિનો સામનો કરી રહેલા સુરત શહેરમાં ગુરુવારે રાત્રે 11.09 વાગ્યે ભૂકંપ અનુભવાતાં નાગરિકોમાં ક્ષણિક ગભરાટ ફેલાયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 3.2 નોંધાઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ ભૂકંપનું કેન્દ્ર સુરત શહેરથી આશરે 42 કિલોમીટર દૂર ખંભાતના અખાતમાં નોંધાયું હતું.

રાત્રિના સમયે અનેક વિસ્તારોમાં લોકો પોતાનાં ઘરોમાં હતાં. ત્યારે અચાનક થોડા સેકન્ડ સુધી ધરતી ધ્રૂજતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. કેટલાક લોકોએ પંખા, બારીઓ અને ઘરવખરી હળવી કંપતી હોવાનો અનુભવ કર્યો હતો. જોકે, ભૂકંપની તીવ્રતા ઓછી હોવાથી શહેરમાં ક્યાંય જાનહાનિ કે મિલકતને નુકસાન થયાના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી અતિભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાવા, નદીઓમાં જળસ્તર વધવા અને પૂર જેવી પરિસ્થિતિ સર્જાતાં વહીવટી તંત્ર સતત એલર્ટ પર છે. આવી સ્થિતિમાં ભૂકંપ અનુભવાતાં નાગરિકોમાં ચિંતા વધી હતી.

વરસાદ અને પૂરની સ્થિતિ વચ્ચે ભૂકંપની ઘટના બનતાં આપત્તિ વ્યવસ્થાપન તંત્ર પણ સતર્ક બન્યું છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ 3.2ની તીવ્રતાનો ભૂકંપ સામાન્ય રીતે હળવો ગણાય છે અને તેનાથી મોટા પ્રમાણમાં નુકસાન થવાની શક્યતા ઓછી રહે છે. તેમ છતાં નાગરિકોએ અફવાઓથી દૂર રહી IMDની સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવો તેમજ કોઈપણ આપત્તિની સ્થિતિમાં સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવું જરૂરી છે. અહીં ઉલ્લેખનીય છે કે, સુરતમાં છેલ્લે 11 ફેબ્રુઆરી-2023માં ભૂકંપ અનુભવાયો હતો. રેક્ટર સ્કેલ પર એની માત્રા ત્યારે 3.8 હતી.

# ખરાબ હવામાનને પગલે હિંડનથી મુન્દ્રા જતું વિમાન સુરત ડાયવર્ટ

**હિંડનથી** મુન્દ્રા જતી ફ્લાઇટ સુરક્ષિત રીતે ઉતારાઈ, 26 મુસાફર સલામત

સુરતઃ કચ્છના મુન્દ્રા એરપોર્ટ પર પ્રતિકૂળ હવામાન અને ધૂંધળું દૃશ્ય સર્જાતાં સ્ટાર એરની હિંડન (ગાઝિયાબાદ)થી મુન્દ્રા જતી ફ્લાઈટ S5-627ને સુરક્ષાના હિતમાં સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

આ વિમાન ગુરુવારે સાંજે 7:36 વાગ્યે સુરત એરપોર્ટ પર સલામત રીતે ઊતર્યું હતું. બાદ વિમાનને બે નંબર-5 પર પાર્ક કરવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં કુલ 26 મુસાફર સવાર હતા. તમામ મુસાફરો તેમજ વિમાનના પાઈલટ અને ક્રૂ સભ્યો સંપૂર્ણપણે સલામત હોવાનું એરપોર્ટ સત્તાવાળાઓએ જણાવ્યું હતું.

વિમાનના સુરત એરપોર્ટ પર આગમન બાદ CISF, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI), સ્ટાર એર તેમજ અન્ય સંબંધિત એજન્સીઓ દ્વારા સુરક્ષા અને ઓપરેશનલ પ્રક્રિયાઓ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવી હતી, જેથી મુસાફરોને કોઈ અસુવિધા ન થાય અને વિમાનના આગામી સંચાલનમાં કોઈ વિક્ષેપ ન સર્જાય.

એરપોર્ટ સત્તાવાળાઓના જણાવ્યા મુજબ મુન્દ્રામાં હવામાનની સ્થિતિ સામાન્ય બનશે અને સત્તાધિકારીઓ પાસેથી જરૂરી મંજૂરી મળ્યા બાદ આ ફ્લાઈટને તેના નિર્ધારિત ગંતવ્ય મુન્દ્રા માટે રવાના કરવામાં આવશે.

### ખરાબ હવામાનને પગલે કોલકાતા-અમદાવાદ ઇન્ડિગો ફ્લાઇટનું સુરત એરપોર્ટ પર ડાયવર્ઝન

સુરતઃ અમદાવાદ એરપોર્ટ પર પ્રતિકૂળ હવામાન અને ઓછી વિઝિબિલિટી સર્જાતાં કોલકાતાથી અમદાવાદ જતી ઇન્ડિગોની ફ્લાઇટ 6E-292ને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. ગુરુવારે સાંજે આ ફ્લાઇટનું સુરત એરપોર્ટ પર સલામત લેન્ડિંગ થતાં તમામ મુસાફરોને રાહતનો શ્વાસ મળ્યો હતો. એરપોર્ટ સત્તાવાર માહિતી મુજબ ઇન્ડિગોની ફ્લાઇટ નં.6E-292, જે કોલકાતા (CCU)થી અમદાવાદ (AMD) માટે સંચાલિત થઈ રહી હતી, તેને અમદાવાદ ખાતે ખરાબ હવામાનને કારણે સુરત તરફ વાળવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ફ્લાઇટે રાત્રે 8:05 કલાકે સુરત એરપોર્ટ પર સલામત લેન્ડિંગ કર્યું હતું. બાદ વિમાનને એરપોર્ટના પાર્કિંગમાં પાર્ક કરવામાં આવ્યું હતું. વિમાનમાં કુલ 228 મુસાફર સવાર હતા. ડાયવર્ઝન બાદ મુસાફરોને કોઈ અસુવિધા ન થાય એ માટે સુરત એરપોર્ટ પર તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. એરપોર્ટ તંત્રએ જણાવ્યું હતું કે, અમદાવાદ ખાતે હવામાનની સ્થિતિ સામાન્ય બન્યા બાદ તથા જરૂરી ઓપરેશનલ પ્રક્રિયાઓ પૂર્ણ થયા પછી આ ફ્લાઇટને તેના નિર્ધારિત ગંતવ્ય અમદાવાદ એરપોર્ટ તરફ રવાના કરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### અઠવાલાઈન્સના સ્વ. નયના ચોકસીની યાદમાં કુરૂક્ષેત્ર સ્મશાનભૂમિને એક લાખનું દાન

સુરતઃ અઠવાલાઇન્સ ઇન્ડોર સ્ટેડિયમ પાસે આવેલા 5-બી રવિતેજ એપાર્ટમેન્ટના રહેવાસી સુરેશભાઈ ડાહ્યાભાઇ ચોકસીએ તેમની પત્ની સ્વ. નયનાબેન સુરેશભાઇ ચોકસીની પુણ્યતિથિ નિમિત્તે કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટને રૂ.1 લાખનું દાન આપ્યું હતું. આ પ્રસંગે પુત્રી ગીતાબેન દિપેશભાઇ ઝવેરીએ પિતાના દાનના સ્વભાવ અને માતાની સ્મૃતિને યાદ કરી ભાવુકતા વ્યક્ત કરી હતી. ટ્રસ્ટના મંત્રી અજયભાઇ ગાંધી, ઉપપ્રમુખ શંકરભાઇ પટેલ, સહમંત્રી સમીરભાઇ વ્યાસ અને ખજાનચી ઉમેશભાઇ દેસાઇએ દાન સ્વીકાર્યું હતું. પ્રમુખ કમલેશભાઇ સેલરે સુરેશભાઇ ચોકસી તથા ગીતાબેન ઝવેરીનું સન્માન કરી પરિવારનો આભાર માન્યો હતો.

### પિતાના અવસાન બાદ પરિવારને PPSKની રૂ.10 લાખની સહાય



સુરતઃ લાંબી બીમારી બાદ ભરતભાઈ મોરડિયાનું અવસાન થતાં પરિવાર પર આર્થિક સંકટ ઊભું થયું હતું. પરિવારના આધારસ્તંભ ગુમાવ્યા બાદ પત્ની ઉષાબેન, પુત્ર આયુષ અને પુત્રી આર્યાના ભવિષ્યની ચિંતા સતાવતી હતી. આયુષ જર્મનીમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યો છે, જ્યારે આર્યા અભ્યાસ કરી રહી છે. આ મુશ્કેલ સમયમાં સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ-સુરત સંચાલિત પાટીદાર પરિવાર સુરક્ષા કવચ (PPSK) યોજના અંતર્ગત પરિવારને રૂ.10 લાખની સહાય આપવામાં આવી હતી. સમાજના આગેવાન કેશુભાઈ ગોટીએ જણાવ્યું હતું કે, પરિવારને એકલા ન રહેવા દેવું એ સમાજની સાચી જવાબદારી છે. સહાયથી પરિવારને આર્થિક સુરક્ષા સાથે નવી હિંમત મળી હોવાનું ઉષાબેને જણાવ્યું હતું.

### ટી. એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં નેશનલ રીડિંગ વીકની ઉજવણી



સુરતઃ ટી. એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે નેશનલ રીડિંગ વીકની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ધોરણ 1 અને 2ના વિદ્યાર્થીઓ માટે ઇન્ટરેક્ટિવ સ્ટોરીટેલિંગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શિક્ષકોએ અભિવ્યક્તિપૂર્ણ વાર્તાકથન, અવાજના ઉતાર-ચઢાવ અને સર્જનાત્મક પ્રોપ્સની મદદથી વાર્તાઓને જીવંત બનાવી દીધી હતી. વિદ્યાર્થીઓએ રસપૂર્વક વાર્તાઓ સાંભળી, વિવિધ પ્રશ્નો પૂછ્યા અને પોતાની મનપસંદ વાર્તાઓ પણ આત્મવિશ્વાસ સાથે રજૂ કરી હતી. શાળાના ડિરેક્ટર અને પ્રિન્સિપાલ કે. મેક્સવેલ મનોહરે જણાવ્યું હતું કે, વાંચન બાળકોની કલ્પનાશક્તિ, જ્ઞાન અને સર્જનાત્મક વિચારશક્તિને સમૃદ્ધ બનાવે છે તેમજ જીવનભર શીખવાની ભાવના વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

### સુરતના ધૃતિમાન તાડીવાલાની રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ



સુરતઃ સુરતના ધૃતિમાન તાડીવાલાએ અખિલ ભારતીય શ્રી રામચરિત માનસ ચોપાઈ ઓનલાઈન સ્પર્ધા-2026માં 5 થી 8 વર્ષ વયજૂથમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમને રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર અને શ્રીરામચરિત માનસની એક પ્રત એનાયત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ધૃતિમાને સળંગ ત્રીજા વર્ષે આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં વિજેતા બની સુરતનું ગૌરવ વધાર્યું છે.

### શ્રી વિદ્યાર્થી કેળવણી સંઘની વાર્ષિક સામાન્ય સભા રવિવારે મળશે


સુરતઃ શ્રી વિદ્યાર્થી કેળવણી સંઘ, સુરતની વાર્ષિક સામાન્ય સભા તા.૧૯/૦૭/૨૦૨૬ને રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે સ્નેહમિલન ગાર્ડન, નાનપુરા, સુરત મુકામે રાખવામાં આવી છે. જેમાં સંઘના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### વિશ્વ કરાઓકે દિવસની પૂર્વ સંધ્યાએ સુરતમાં ગીત-સંગીત અને સાહિત્યનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ વિશ્વ કરાઓકે દિવસની પૂર્વ સંધ્યાએ (18 જુલાઈ) સુરત ખાતે કિરીટ વખારીયા અને પ્રજ્ઞાબેન વખારીયાના નિવાસસ્થાને એક યાદગાર કરાઓકે પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યોર્જ મેકવાન તથા વડીલો અને સુરત સાહિત્ય સખીવૃંદના રીટા મેકવાનના સંયુક્ત સહકારથી યોજાયેલા કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો નરેશ કાપડિયા, નીતિન દેસાઈ (આઝાદ.ASK) તેમજ 90 વર્ષના સુપર સિનિયર સિટીઝન ગીતાબેન ચોક્સી અને બાલકૃષ્ણ કર્ણિક વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આશરે ચાલીસ જેટલા સભ્યોની હાજરીમાં યોજાયેલા આ પ્રસંગે વડીલોએ જીવનની ઢળતી સાંજે સંગીતનો અનોખો આનંદ માણ્યો હતો.

### કૃભકોની સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાતમાંથી 183 ખેલાડીએ ભાગ લીધો



સુરતઃ કૃભકો દ્વારા યોનેક્સ સનરાઇઝ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટ દરમિયાન પાંચ અલગ-અલગ ઈવેન્ટ્સમાં સમગ્ર ગુજરાતમાંથી કુલ ૧૮૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ સામેલ હતા. કૃભકોના વરિષ્ઠ અધિકારીઓ, સુરત ડિસ્ટ્રિક્ટ બેડમિન્ટન એસોસિએશન, ગુજરાત બેડમિન્ટન એસોસિએશનના પદાધિકારીઓ અને કૃભકો ટાઉનશીપના રહીશોની ઉપસ્થિતિમાં વિજેતાઓને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

### પાંચ ઇન્દ્રિયોથી પ્રાપ્ત થતું સુખ ટેકાના આધારે ઉભેલા મકાન જેવું છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ ગોકુળનગર નજરાણા જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભાને સંબોધતા કહ્યું હતું કે, ઇન્દ્રિયજન્ય સુખ કરતાં પણ આત્મજન્ય સુખ વિશિષ્ટ કોટીનું છે. અત્યાર સુધી આપણે ઇન્દ્રિયોને ખુશ રાખવાનો પ્રયત્ન કર્યો છે. આત્મસુખની વિચારણા ક્યારેય કરી નથી. પાંચ ઇન્દ્રિયોથી પ્રાપ્ત થતું સુખ ટેકાના આધારે ઉભેલા મકાન જેવું છે. જેમ ટેકો ખસેડી લો તો આખું મકાન કડડભૂસ થઈ જાય છે. તેમ પાંચ ઇન્દ્રિયોના ટેકા ખસી જાય તો પછી તમામ સુખોનું સૂરસૂરીયું થઈ જાય છે. મિઠાઈ મળે તો જીભ રાજી થાય. પ્રશંસાના શબ્દો સાંભળવા મળે તો કાન રાજી થાય. મનમોહક દૃશ્યો જોવા મળે તો આંખ નાચવા લાગે છે. ક્યાંકથી અત્તર કે સેન્ટની મસ્ત સુગંધ આવતી હોય તો નાક તરબતર થઈ જાય. આ બધું નાટક ઇન્દ્રિયોના સપોર્ટથી ચાલતું હોય છે.

### પાલમાં મગર દેખાયો હોવાની અફવા વહેતી થતાં ભય ફેલાયો

સુરતઃ શહેરમાં સતત વરસી રહેલા મુશળધાર વરસાદને કારણે ચારેય તરફ કમર સુધી પૂરના પાણી ફરી વળ્યા છે, જેના લીધે સ્થાનિક જનજીવન ભારે આફતમાં મુકાયું છે. આ જળબંબાકારની પરિસ્થિતિ વચ્ચે શહેરના પાલ વિસ્તારમાં પાણીમાં મગર તણાઈ આવ્યો હોવાની અફવા વહેતી થતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે ડર અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સોશિયલ મીડિયામાં પાલમાં મગર દેખાયો હોવાના વિડીયો વાયરલ થતાં લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, મગર હતો કે કેમ? તેની કોઈ જ સત્તાવાર રીતે પુષ્ટિ કરવામાં આવી નહોતી. હવે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તો આ વાત અફવા હતી કે સત્ય હતી તેનો ખુલાસો થાય.

# તંત્રનો રજાનો આદેશ છતાં એલ.પી. સવાણી રિવરસાઈડ સ્કૂલ ચાલુ રહી!




સુરતઃ તંત્રએ રજા જાહેર કરી હોવા છતાં પણ ડભોલી વિસ્તારમાં આવેલી એલ.પી. સવાણી રિવરસાઈડ સ્કૂલમાં સાંજે લગભગ ૪ વાગ્યા સુધી શૈક્ષણિક કામગીરી ચાલુ રાખવામાં આવી હતી.

જ્યારે હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી અને જિલ્લા શિક્ષણ તંત્રે વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને સ્પષ્ટપણે રજા જાહેર કરી હતી, ત્યારે શાળા ખુલ્લી રાખવાનો નિર્ણય કેટલો યોગ્ય ગણાય? જો વરસાદ અચાનક વધુ વિકરાળ બન્યો હોત, રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હોત અથવા વિદ્યાર્થીઓને ઘરે પરત જતી વખતે કોઈ દુર્ઘટના સર્જાઈ હોત તો તેની જવાબદારી કોણ લેત? આ પ્રશ્ન હવે વાલીઓ અને શિક્ષણજગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. તંત્ર દ્વારા આ સ્કૂલ સામે પગલા લઈને દાખલો બેસે તેવી કાર્યવાહી કરવામાં આવે તે ઘણી જ જરૂરી છે.

### વાલીઓ બળજબરી વિદ્યાર્થીઓને શાળાએ મૂકી ગયા હતાઃ ધર્મેશ સવાણી

આ અંગે શાળા સંચાલક ધર્મેશ સવાણી સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ઘણા વાલીઓ બળજબરીથી વિદ્યાર્થીઓને શાળાએ મૂકી ગયા હતા, તેથી તેમને ક્લાસરૂમમાં બેસાડવામાં આવ્યા હતા.

### ખુલાસો માંગવામાં આવશેઃ શિક્ષણાધિકારી

જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે, આ ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી છે. શાળા સંચાલક પાસેથી જવાબ અને લેખિત ખુલાસો માંગવામાં આવશે.

# વેસુ પોલીસ ઊંઘતી રહી અને વિજિલન્સની ટીમે 5 લાખના દારૂ સાથે 7ને પકડી પાડ્યા

**સ્થાનિક** પોલીસની નાક નીચે આંબેડકરનગરમાં અડ્ડો ચાલતો હતો

સુરતઃ વેસુમાં ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડીને સ્થાનિક પોલીસને ઊંઘતી ઝડપી પાડી છે. SMCએ આંબેડકરનગર સ્થિત મકાનો અને ઘુમટી પર સરપ્રાઈઝ રેઈડ કરીને ૫.૧૧ લાખની કિંમતનો દારૂ જપ્ત કર્યો છે. આ દરોડા દરમિયાન વાહનો સહિત રૂ.૧૬.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે સ્થળ પરથી નારાયણ ઉર્ફે લાલા બેહરા (રહે. આંબેડકરનગર, વેસુ), રાજવીરસિંહ મહેન્દ્રસિંહ રમલાવત (રહે. હેપ્પી રેસિડેન્સી, વેસુ), રાહુલ જયંતી રાઠોડ (રહે. હળપતિવાસ, ઉધના-મગદલ્લા રોડ), ક્રિષ્ના આહીરે (રહે. આંબેડકરનગર, વેસુ), ગૌતમ ગોવિંદ શર્મા (મૂળ બિહાર, હાલ રહે. લેબર કોલોની, યુનિ. કોલેજ પાસે, વેસુ), મોહંમદ નજમુલ મોહંમદ્દિન શેખ (મૂળ બિહાર, હાલ રહે. લેબર કોલોની, વેસુ) અને શકીલ હબીબ ખાન (મૂળ યુ.પી., હાલ રહે. કૈલાશ ચોકડી, પાંડેસરા) ની અટકાયત કરી છે, જ્યારે રાહુલને વોન્ટેડ જાહેર કરાયો છે. સ્થાનિક સ્તરે તો એવો પણ આક્ષેપ થઈ રહ્યો છે કે વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલતો દારૂનો ધંધો પોલીસના વહીવટદારની પરમિશનથી ચાલતો હતો. જોકે, આ દાવાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

# ઓશિયન એમટેક ઠગાઈ કેસમાં વધુ એકની ધરપકડ

**નોકરીના** બહાને રૂ.6 લાખ ડિપોઝિટ લેવડાવનાર કૌતિક કાથરોટિયા ઝડપાયો

સુરતઃ સુરતની ચર્ચિત ઓશિયન એમટેક પ્રા. લિ. ઓશિયન એમટેક કંપનીના સંચાલકોએ રોકાણકારોને વિવિધ લોભામણી યોજનાઓ બતાવી 18થી 33 મહિનામાં સિક્યોરિટી સાથે રોકાણની રકમ ડબલ કરી આપવાનું આશ્વાસન આપી કરોડો રૂપિયા એકત્ર કર્યા હતા. ફરિયાદ મુજબ વિવિધ રોકાણકારો અને ભોગ બનનારાઓ પાસેથી કુલ રૂ.1.93 કરોડથી વધુની રકમ મેળવી કંપની અચાનક બંધ કરી સંચાલકો ફરાર થઈ ગયા હતા.

તપાસ દરમિયાન સામે આવ્યું કે ભોગ બનનાર પંકજભાઈ પટેલને કંપનીમાં નોકરી અપાવવાના બહાને રૂ.6 લાખ ડિપોઝિટ જમા કરાવવામાં કૌતિક કાથરોટિયાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. પંકજભાઈએ થોડો સમય કંપનીમાં કામ કર્યું હતું, પરંતુ ત્યારબાદ કંપની બંધ થઈ જતાં તેઓ બેરોજગાર બન્યા હતા અને ડિપોઝિટની રકમ પણ પરત મળી નહોતી.

પોલીસના જણાવ્યા મુજબ, કંપની બંધ થયા બાદ કૌતિક કાથરોટિયાએ ભોગ બનનારને રૂપિયા પરત આપવાની ખાતરી આપતો નોટરી કરાર (બાહેંધરી ખત) પણ લખી આપ્યો હતો. આ દસ્તાવેજ અને અન્ય પુરાવાના આધારે તેની સંડોવણી સામે આવતા ઉત્રાણ પોલીસે લસકાણા સ્થિત તેના નિવાસસ્થાનેથી તેની ધરપકડ કરી હતી.આ કેસમાં અગાઉ મનોજ હિરપરા, રસ્મિતા હિરપરા, જયદીપ હિરપરા, સાવન સાવલિયા અને રૂત્વિક રીબડિયા સહિતના આરોપીઓ સામે ગુનો નોંધાયો છે. પોલીસે નાણાકીય વ્યવહારો, અન્ય સંડોવાયેલા વ્યક્તિઓ અને રોકાણકારો પાસેથી ઉઘરાવવામાં આવેલી રકમ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# ખાળકૂવાનો સ્લેબ ધસતાં યુવક 15 ફૂટ ઊંડા ખાડામાં ખાબક્યો

**મોટા** વરાછાના આઝાદ ફળિયાની ઘટના, ઘાયલ યુવકનું રેસ્ક્યુ કરી હોસ્પિટલ ખસેડાયો



સુરતઃ શહેરમાં ભારે વરસાદની સ્થિતિ વચ્ચે મોટા વરાછાના આઝાદ ફળિયામાં શીતળા માતાના મંદિર પાસે રહેતો 20 વર્ષીય અપૂર્વ દેવેન્દ્ર પટેલ પોતાના ઘરના પાછળના વાડામાં ગયો હતો, જ્યાં તાજેતરના ભારે વરસાદને કારણે જમીનમાં ભેજ વધી જવાથી એક જૂના અને બંધ ખાળકૂવાનો સ્લેબ અચાનક જ ધસી પડ્યો હતો.

કંઈ સમજે તે પહેલાં જ અપૂર્વ સ્લેબના મલબા સાથે 10થી 15 ફૂટ ઊંડા ખાડામાં પટકાયો હતો. આ બનાવને પગલે પરિવારમાં અફરાતફરી મચી ગઈ હતી અને પુત્રને બચાવવા માટે તેના પિતા દેવેન્દ્રભાઈ પટેલ તુરંત વાડા તરફ દોડી ગયા હતા.

સ્થાનિકો દ્વારા બનાવની જાણ કરાતાં સુરત ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર ટીમે સૌપ્રથમ જોખમી સ્થિતિમાં રહેલા પિતા દેવેન્દ્રભાઈને સુરક્ષિત રીતે બાજુ પર ખસેડ્યા હતા અને ત્યારબાદ ખાળકૂવામાં સીડી ઉતારીને ભારે જહમત બાદ અપૂર્વને સહી-સલામત બહાર કાઢ્યો હતો.

સ્લેબ સાથે નીચે પટકાવવાને કારણે યુવકને નાની-મોટી ઈજાઓ થઈ હોવાથી સ્થળ પર હાજર 108 એમ્બ્યુલન્સના સ્ટાફે તેને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલ ખસેડ્યો હતો. આ બનાવમાં સમયસર રેસ્ક્યુ કામગીરી પૂર્ણ થતાં મોટી દુર્ઘટના ટળી હતી.

### વેસુ વીઆઇપી રોડ પર કચરો ફેંકતી વખતે છઠ્ઠા માળેથી પટકાતાં મહિલાનું મોત

સુરતઃ વેસુ વીઆઈપી રોડ પર નવી બંધાતી બિલ્ડિંગમાં છઠ્ઠા માળે પતિ સાથે સાફ સફાઈ કરતી મહિલા કચરો ફેંકવા જતા નીચે પટકાતાં મોત થયું હતું. મૂળ મધ્યપ્રદેશના ઉજ્જૈન જિલ્લાના વતની નાગેશ્વરભાઈ ચોકીદાર હાલમાં વેસુ સેકેન્ડ વીઆઈપી રોડ પર નવી બંધાતી રાજહંસ મેક્સ્ટ્રોન નામની બિલ્ડિંગની લેબર કોલોનીમાં પરિવાર સાથે રહે છે. નાગેશ્વરભાઈ અને તેમની 31 વર્ષીય પત્ની રાધાબાઈ તે જ બિલ્ડિંગમાં સાફ સફાઈનું કામ કરતા હતા. ગુરુવારે સવારે દંપતી બિલ્ડિંગના છઠ્ઠા માળે સાફ સફાઈ કરી રહ્યા હતા. ત્યારે નીકળેલો કચરો રાધાબાઈ બાલ્કનીના ભાગેથી નીચે ફેંકવા ગઈ હતી. દરમિયાન તેનું સંતુલન બગડતા તે નીચે પટકાઈ હતી. પતિની નજર સામે જ રાધાબાઈ નીચે પડી જતા તાત્કાલિક પતિ નીચે દોડીને ગયો અને પત્નીને લઈને ખાનગી હોસ્પિટલમાં દોડ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ડોક્ટરે રાધાબાઈને મૃત જાહેર કરી હતી.

# પતિની લાચારીનો ગેરફાયદો ઉઠાવી કાકી પર દુષ્કર્મ આચરનાર ભત્રીજો ઝડપાયો

**પુત્રને** મારી નાંખવાની ધમકી આપી અવારનવાર શોષણ કર્યાનો આક્ષેપ

સુરતઃ નવાગામ-ડિંડોલીમાં રહેતા એક પરિવારમાં પતિ લીવરની ગંભીર બીમારી બાદ લકવાથી પીડાતા હોવાથી સારવાર હેઠળ હતા. આ પરિસ્થિતિમાં મદદના બહાને આવતો-જતો સાવકો ભત્રીજો કેતન ધર્મેન્દ્રભાઈ લાલજીભાઈ પ્રજાપતિ (ઉ.વ. 33)એ મહિલાની લાચારીનો ગેરફાયદો ઉઠાવ્યો હતો.

ફરિયાદ મુજબ, માર્ચ-૨૦૨૫ દરમિયાન મહિલા ઘરમાં સ્નાન કરી રહી હતી ત્યારે આરોપી બાથરૂમમાં ઘૂસી ગયો હતો. મહિલાએ વિરોધ કરતાં આરોપીએ તેમના સાત વર્ષના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ પણ સતત ધમકી આપી મહિલાનું શોષણ કર્યાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. આખરે પીડિતાએ હિંમત એકઠી કરી મે મહિનામાં ડિંડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા આરોપી મોબાઇલ ફોન બંધ કરી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. દરમિયાન ચોક્કસ બાતમીના આધારે કતારગામના જે.કે. પી.નગર વિસ્તારમાંથી આરોપી કેતન પ્રજાપતિની ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલો આરોપી મૂળ મધ્યપ્રદેશના ભીંડ જિલ્લાના લારોલ ગામનો વતની છે અને હાલ કતારગામના જે.કે. પી.નગર ખાતે રહેતો હતો.

# અંકલેશ્વર કોર્ટના સજા વોરંટમાં 1 વર્ષથી વોન્ટેડ રીઢો ગુનેગાર પકડાયો

**પકડાયેલા** મોહસીન ઉર્ફે માયા સામે 11 ગુના નોંધાઈ ચૂક્યા છે

સુરતઃ અંકલેશ્વર ફેમિલી કોર્ટ દ્વારા સજા ફટકારાયા બાદ એક વર્ષથી ફરાર મોહસીન ઉર્ફે માયાને ચોકબજાર પોલીસે ઝડપી પાડી જેલ ભેગો કર્યો હતો.

અંકલેશ્વર ફેમિલી કોર્ટ દ્વારા ફોજદારી પરચૂરણ અરજીના કેસમાં આરોપી મોહસીન ઉર્ફે માયા રફીક શાહ (ઉ.વ. ૩૮, રહે. શાબરીનગર સોસાયટી, ભરીમાતા રોડ, સુરત)ને ૨૧૩૦ દિવસની જેલ સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. જે સંદર્ભે તા. ૦૧/૦૭/૨૦૨૫ના રોજ સજા વોરંટ ઈશ્યૂ કરવામાં આવ્યું હતું. આરોપી વોરંટ બજવણીથી બચવા માટે છેલ્લા એક વર્ષથી સતત સ્થળ બદલી ભાગતો ફરતો હતો. દરમિયાન ચોકબજાર પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.ડી. રાતડા, પીઆઈ એ.એ. રાઠવા તેમજ પીએસઆઈ વી.ટી. ડોડિયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના હેડ કોન્સ્ટેબલ કિંજલકુમાર, પિયુષભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ કિશનકુમાર પેટ્રોલીંગમાં હતા. તે વેળા બાતમી મળી હતી કે સજા વોરંટનો આરોપી તેના રહેણાંક વિસ્તારમાં આવ્યો છે. આથી વોચ ગોઠવી મોહસીન ઉર્ફે માયાને પકડી પાડ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી કરી લાજપોર મધ્યસ્થ જેલ હવાલે કરી દીધો હતો.ઝડપાયેલો આરોપી મોહસીન ઉર્ફે માયા રફીક શાહ રીઢો ગુનેગાર છે. તેની વિરુદ્ધ ચોકબજાર અને લાલગેટ પોલીસ સ્ટેશનમાં મારામારી, ગેરકાયદે હથિયાર રાખવા, દારૂબંધી, ધમકી આપવી અને સરકારી કર્મચારીની ફરજમાં રુકાવટ સહિતના કુલ ૧૧ જેટલા ગંભીર ગુનાઓ અગાઉ નોંધાઈ ચૂક્યા છે.

# બિલ્ડર ભક્તિ ગ્રુપ સામેની 1.73 કરોડની છેતરપિંડીની ફરિયાદ રદ

**નાણાંકીય**, કરારજન્ય વિવાદને ફોજદારી ગુનાનું રૂપ આપવું એ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગઃ હાઇકોર્ટ

સુરતઃ અડાજણના ભક્તિ ડેવલપર્સના ભાગીદાર બિલ્ડરો વિરુદ્ધ પોલીસમાં નોંધાયેલી રૂ. ૧.૭૩ કરોડની છેતરપિંડી કેસમાં હાઇકોર્ટે ફરિયાદ રદ કરવા હુકમ કર્યો હતો.

આ અંગે આરોપી પક્ષનાં બિલ્ડરોનાં વકીલ ડો. શૈલેષ પટેલે જણાવ્યું હતું કે અલથાણના કાપડ વેપારી નિરવ ડેમલાએ ભક્તિ ડેવલપર્સ ભાગીદારી પેઢીના બન્ટી નરેશકુમાર સાદડીવાલા, પ્રદીપકુમાર મફતલાલ પટેલ, રાકેશ કુમાર બાબુભાઇ દૂધવાલા, ડિમ્પલ રાકેશ દૂધવાલા, રંજનબેન રાજેન્દ્ર ભગત સહિત નવ જણા વિરુદ્ધ અડાજણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ભક્તિ ડેવલોપર્સની વેલેન્ટીના બિઝનેસ હબની ત્રણ દુકાનનો સોદો ફરિયાદી સહિતનાં સાથે કર્યો હતો અને ફરિયાદી પાસેથી રૂ. ૧,૧૫,૦૮,૨૦૦ તથા સાહેદ સુશીલભાઇ તહેલરમાણી પાસેથી રૂપિયા ૫૮,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૭૩,૦૮,૨૦૦ મેળવી આરોપીઓએ દુકાનો અન્યને વેચી મારી ઠગાઈ કર્યાનો આરોપ મૂક્યો હતો. જે ફરિયાદને રદ કરવા હાઇકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી હતી. બંને પક્ષની રજૂઆત બાદ હાઇકોર્ટે પોતાના ચુકાદામાં અવલોકન કર્યું છે કે બંને પક્ષો વચ્ચેનો વિવાદ મુખ્યત્વે નાણાકીય અને કરારજન્ય સ્વરૂપનો છે અને આવા વિવાદને ફોજદારી ગુનાનું સ્વરૂપ આપીને કાર્યવાહી ચલાવવી કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાય.